**ડૉ. દીપા કારિયા – એમ.ડી. (હોમિયોપેથી- મુંબઈ)**
બીજો માળો, રોહિણી રેસીડેન્સી (કોમર્શિઅલ ગેટ),
પાંચ રસ્તા ની નજીક, એમ. જી. રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૮૦
ફોન નંબર +૯૧-૭૦૪૫૨૯૪૧૪૮ / +૯૧-૨૨-૨૫૬૦૨૬૬૯-૭૦/
+૯૧-૯૨૨૩૩૫૫૧૦૯/ વહાર્ટસ એપ +૯૧-૯૩૨૪૦૨૦૦૨૫
ઇમેઇલ – care@drdeepa.in વેબસાઈટ – www.drdeepa.in

## હોમીઓપથીક સારવાર માટે આપની વિગતો ભરવાનુ ફોર્મ (બાળકો માટે)

### પૃષ્ઠભૂમિ (બેકગ્રાઉન્ડ):

હોમીઓપેથીક સારવારનો ઉદેશ્ય બીમારી ને જડ-મૂળ થી કાઢવાનો હોય છે. તેમાં બીમારીના વિવિધ કારણોનો એકીસાથે ઉપચાર કરવામાં આવે છે. આ કારણો જન્મજાત, અનુવંશિક, હોર્મોનલ, ભાવનાત્મક કે શારીરિક હોય શકે છે. હોમીયોપેથીમાં બીમારી ના લક્ષણો ને દબાવવામાં નથી આવતા. હોમીઓપેથીક દવાથી તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારીને રોગને દૂર કરવામાં આવે છે. હોમીઓપેથીક ઉપચાર એક સંપૂર્ણ ઉપચાર છે જેનો ઉપયોગ કાયમી ધોરણે રોગને દૂર કરવામાં થાય છે.

હોમીઓપેથીક ટ્રીટમેન્ટ બાળકોની રોગ-પ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ થાય છે. હોમીયોપેથીક દવા તેમની શારીરિક વૃધ્ધિ અને માનસિક વિકાસ માં ઉપયોગી થાય છે; તથા તેની કોઇ નુકસાનકારક આડઅસર થતી નથી.

હોમીયોપેથી માં દરેક વ્યક્તિની દવા અલગ હોય શકે છે. અર્થાત એક જ બીમારી માટે અલગ-અલગ વ્યક્તિ ની દવા અલગ હોય શકે છે. કઈ વ્યક્તિ ને કઈ દવા લાગુ પડશે એ નક્કી કરવા માટે આ વિસ્તૃત ફોર્મ ભરવું જરૂરી છે. આ ફોર્મ માં પૂછવામાં આવેલી વિગતો વિસ્તારથી લખો જેથી તમારા ઉપચારમાં ઝડપથી થઇ શકે. તમે આપેલી માહિતી ફકત તમારા ઉપચાર માટે જ વપરાશે તથા એ માહિતી ગુપ્ત રાખવામાં આવશે.

આ ફોર્મ માં પૂછલ પ્રશ્નો ના ઉત્તર અલગ પેપરમાં લખી, એ પેપરને ક્લિનિક માં પહોંચાડી દો; અથવા સ્કેન કરી કે ફોટો લઇ તમે એ ઇમેઇલ (care@drdeepa.in) અથવા વાહટસ એપ (૯૩૨૪૦૨૦૦૨૫) દ્વારા મોકલાવી શકો છો. ફોર્મ પહેલાથી મોકલાવશો તો તમારી પહેલી કન્સલ્ટિંગ મિટિંગ સહેલાઇ થી થઇ શકશે અને સાચી દવા ઝડપ થી નક્કી કરવા માં સહેલું પડશે.

### બાળક વિષે પ્રાથમિક સવાલો:

૧. નામ (અટક પહલાં લખો) -
૨. સરનામુ -
૩. મોબાઈલ નંબર (ટ્રીટમેન્ટનું ધ્યાન રાખનાર વ્યક્તિનો) -
૪. તમને મારી પાસે મોકલનાર નું નામ -
૫. જન્મ તારીખ તથા વય -
૬. લિંગ -
૭. ધર્મ / સમુદાય / સંપ્રદાય -
૮. સ્કૂલનું નામ, સમય અને ધોરણ
૯. સ્કૂલ જવા માટે પ્રવાસ ની રીત

### વર્ણનાત્મક સવાલો:

#### A. બાળક વિષે:

૧. શિક્ષણ વિષેની માહિતી આપો:

સ્કૂલનું સ્થાન, સમય, બાળકને શું ગમે છે, ઈતર પ્રવૃત્તિ વ. ની માહિતી આપો. બાળકનું સ્કૂલ/ કલાસસેસ માં વર્તન કેવું છે, એને ભણવામાં કે બીજી કોઈ બાબત ની તકલીફ હોય તો જણાવો. બાળક ના સ્કૂલ ટીચર્સ, વ્યવસ્થાપન ના લોકો, અન્ય વિધાર્થીઓ સાથે કેવા સંબંધો છે તે વિષે લખો.

૨. તમારા પરિવાર વિષે માહિતી આપો:

તમારા ઘરની વ્યક્તિઓ ની માહિતી આપો. એમની વય, રહેઠાણ, કામકાજ અને બાળકના એમની સાથે ના સંબંધો વિષે લખો. પરિવાર ના મૃત વ્યક્તિઓની માહિતી આપો. તેમનું મૃત્યુ ક્યારે અને કયા કારણ થી થયું તે જણાવો. બાળકને પરિવારના લોકો સાથે કેવા સંબંધ છે તથા એને કોઈ મુશ્કેલી હોય તો તે વિષે લખો. માતા-પિતાના લગ્ન એક-બીજા ના સગાંમાં થયા હોય તો જણાવો.

૩. બાળકની દિનચર્યા વિષે માહિતી:

સવારે ઉઠવાથી રાત્રે સૂવા સુધી ની સંપૂર્ણ દિનચર્યા વિષે લખો. ખ્વાન-પાન વિષે લખો. અન્નનું પ્રમાણ, સમય, માંસાહાર / ઇંડા (સેવન કરતું હોય તો) વિગેરે વિષે લખો. આદતો (ઉદા.ચોકલેટે, ચાય, કોફી, આઇસ-ક્રીમ, કેકે વગેરે.) તથા તેમનું પ્રમાણ.

બાળકની શારીરિક પ્રવૃત્તિ, મોબાઈલ/TV નો ઉપયોગ કેવો અને કેટલો છે. બાળકના શોખ જેમકે વાંચન, ચિત્રકારી, ડાન્સ, વગેરે વિષે લખો.

૪. બાળકની લોકો સાથે ના વર્તન વિષે માહિતી

બાળકનું તેના પરિવાર-જનો, સગાં, મિત્રો સાથેનું વર્તન તથા તેમની સાથેના સંબંધ કેવા છે તે લખો. બાળકનું તેના પરિવાર-જનો, સગાં, મિત્રો સાથેનું વર્તન તથા તેમની સાથેના સંબંધ કેવા છે તે લખો. આ સંધર્ભ માં તેને હાલમાં અથવા ભૂતકાળમાં કોઈ તકલીફ પડી હોય તો તે વિષે લખો.

૫. બાળક ના સ્વભાવ નું વર્ણન આપો

## B. બીમારી / મુખ્ય સમસ્યા (તકલીફ) વિષે ની માહિતી

૧. બાળકની મુખ્ય બીમારી/ તકલીફ :

- બાળકની મુખ્ય સમસ્યાઓ વિષે પૂરી માહિતી લખો. તેના લક્ષણો, સમયગાળો, અનુભવેલી તકલીફો, બીમારી માં સમયાંતરે આવેલો બદલાવ/ વધારો, તેને થતી સંવેદના, આ બધી બાબતો વિષે વિસ્તારથી લખો.

- શરીરમાં ક્યાં બીમારી છે, ક્યારે તકલીફ માં વધારો અથવા ઘટાડો થાય છે, એ વખતે બીમારીના કયા લક્ષણો અને કઈ તકલીફો જોવા મળે છે એ વિષે લખો.

- જો કોઈ સારવાર લીધી હોય તો તેના વિષે લખો તથા કોઈ રિપોર્ટ્સ કરાવ્યા હોય તો એની કોપી આપો.

૨. અન્ય કોઈ સમસ્યાઓ/ તકલીફો હોય તો જણાવો :

ઉપર મુખ્ય સમસ્યાઓ / બીમારી વિષે જેમ જણાવ્યું એજ રીતે અન્ય સમસ્યાઓ / બીમારીઓ વિષે વિસ્તાર થી લખો.

3. ભૂતકાળની બીમારીઓ વિષે માહિતી

ભૂતકાળની બીમારીઓ, ક્યારે તે બીમારી આવી તથા તેનું નિદાન અને સારવાર/ઉપચાર વિષે વિગતો આપો.

૪. તમારા પરિવાર ની વ્યક્તિઓની બીમારીઓ વિષેની માહિતી

બાળકના પરિવાર ની વ્યક્તિઓ જેમકે માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની, કાકા/ફઈ, મામા-માસી, ભાઈ-બહેનોની બીમારી ની વિગત આપો.

C. બાળકની વ્યગતિગત માહિતી :

- બાળકનું શારીરિક વર્ણન કરો
- બાળકનું માનસિક વર્ણન કરો
- બાળકની બૌદ્ધિક અને અન્ય ઉપલબ્ધીઓ વિષે લખો
- બાળકની મહત્વાકાંક્ષાઓ/ લક્ષ્યો વિષે લખો
- બાળકની ખોરાક વિષેની રુચિઓ, અણગમો, ખોરાકની એલર્જી વિ. વિષે જણાવો
- બાળકને કઈ ઋતુ માફક આવે અને કઈ ન આવે, નાહવા માટે ગરમ કે ઠંડુ પાણી, પંખો, એ.સી. વગેરે ની જરૂર?
- બાળકનો શોખ, મનોરંજન માટે ની પ્રવૃતિઓ
- નિદ્રાનો સમય, ગુણવત્તા, ખલેલ, અસ્ફૂર્તિદાયક અનુભવના કારણો
- બાળકને આવતા સ્વપ્નો ની માહિતી -

છોકરીઓ ને લગતા પ્રશ્નો

માસિક વિષે –

- કઈ આયુ માં માસિક શરુ થયું?
- માસિક નિયમિત છે કે નહિ?
- કેટલા દિવસ ચાલે? કેટલું આવે?
- માસિક પહેલા, દરમ્યાન કે પછી કોઇ તકલીફ નો અનુભવ?
- સફેદ સ્રાવ, લ્યુકોરીયા જેવી કોઇ સમસ્યા